# ધાનેરામાં પાલિકાના કર્મચારીઓ ત્રણ દિવસની હડતાલ પર

## પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે અને વહેલી સવારથી જ લોકો પાણી માટે આમ તેમ ભટકી રહ્યા છે : મારા ઘરે પણ પાણી નથી : આશાબેન પટેલ પાલિકા પ્રમુખ

ધાનેરામાં લોકો પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે અને વહેલી સવારથી જ લોકો પાણી માટે આમ તેમ ભટકી રહ્યા છે.

નગરપાલિકાના કર્મચારીઓ ત્રણ દિવસની હડતાલ ઉપર છે માટે લોકોની મુશ્કેલી વધી ગઈ છે અને નગરપાલિકામાંથી મળતી તમામ સુવિધાઓ લોકો માટે બંધ થઈ જતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં લોકો પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે અને પાણી માટે આમ તેમ ભટકી રહ્યા છે ધાનેરાની ડી બી પારેખ હાઈસ્કૂલમાં આવી રહેલા પાણી માટે લોકો પડાપડી કારી રહ્યા છે ત્યારે આ બાબતે ધાનેરા પાલિકા પ્રમુખ શ્રી આશાબેન પટેલનો સંપર્ક કરતા તેમને જણાવ્યું હતું કે મારા ઘરે પણ પાણી નથી ત્યારે આ જોઈ એક વાત સ્પષ્ટ દેખાઈ આવે છે કે કર્મચારી કે અધિકારી જો હડતાલ ઉપર ઉતરે તો સરકારને કોઈજ ફરક પડતો નથી. પરંતુ લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. દિવાળીના તહેવારો પહેલા જ લોકોને પાલિકાની સુવિધા બંધ થઈ જતા લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે ત્યારે હવે જોવાનું એ રહે છે કે હજુ લોકોને કેટલી મુશ્કેલીના સામના કરવા પડે છે.




# મોડાસા પાલિકાના કર્મચારીઓ ત્રણ દિવસીય પ્રતીક હડતાલ

મોડાસા, તા. ૧૨

મોડાસા નગરપાલિકાના કર્મચારીઓ ત્રણ દિવસીય પ્રતીક સહીત મોડાસા નગરપાલિકાના પોતાની વિવિધ માંગણીઓને લઈને સરકાર સમક્ષ વારંવાર રજુઆત કરવા, કરાર આધારિત નિમણુંકો નાબૂદ કરી કાયમી કરો અને મહેકમ મર્યાદા નાબૂદ કરવાની માંગ કરી



હડતાલ પર બુધવારે ઉતર્યા હતા. તેમની માંગણીઓ સામે આંખ આડે કાન કરતા વિરોધ વ્યક્ત કરી હડતાળમાં જોડાતા ૧૩ ઓક્ટોબર સુધી મોડાસા નગરપાલિકાનો વહીવટ ઠપ્પ થયી જશે. હડતાલ પર ઉતરેલા કર્મચારીઓ તેમની માંગણી બેનર દ્વારા પ્રદર્શિત કરી હતી. રાજ્ય કરવાની સાથે તબક્કાવાર વિવિધ વિરોધ પ્રદર્શન કરતા કાર્યક્રમો કરવા છતાં હૈયાધારણા સિવાય કશું ન મળતા કર્મચારીઓમાં ભારે રોષ ફેલાયો હતો અને નગરપાલિકા કચેરી પટાંગણમાં ત્રીદિવસીય હડતાલ પર ઉતરી સાતમું પગારપંચ, રોજમદારોને કાયમી વિરોધ પ્રદર્શન કરી માંગણી સંતોષવા સરકાર સામે હડતાલનું શસ્ત્ર ઉગામ્યું હતું. દિવાળી ટાણે જ મોડાસા નગરપાલિકાના કર્મચારીઓ હડતાલ પર ઉતારતા મોડાસા નગરમાં મુશ્કેલીઓ પાડવાની સંભાવનાઓમાં વધારો થવાની દહેશત પ્રજાજનોમાં ઉભી થઈ હતી.

# મોડાસા પોલીસે રેનોલ્ટ કારમાંથી ૧.૧૨ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂની ગેરકાયદેસર હેરાફેરી માટે રાજ્યના બુટલેગરોમાં સલામત હોય તેમ કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ગુજરાતમાં ઠાલવી રહ્યા છે. મોડાસા પોલીસે બુધવારે સવારે મોડાસા રેલવે ફાટક નજીકથી રેનોલ્ટ કારમાંથી ૧.૧૨ લાખનો વિદેશી દારૂ અને શામળાજી પોલીસે ૮૪ હજાર રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડી ૨ શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



મોડાસા ટાઉન પોલીસે બુધવારે સવારે રેલવે ફાટક નજીકથી પસાર થતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા રાજસ્થાન તરફથી આવતી રેનોલ્ટ ડસ્ટર કારનો ચાલાક કાર રોડ નજીક રાખી ફરાર થઈ જતા પોલીસે રેનોલ્ટ ડસ્ટર કાર (ગાડી.નં- જી.જે.૦૧.આર.એ -૩૧૪૩)માં તપાસ કરતા કારમાંથી વિદેશી દારૂ અને બિયરની પેટી નંગ-૨૦ જેમાં બોટલ નંગ-૨૬૪ કુલ રૂપિયા ૧૧૨૮૦૦ તેમજ કારની કિંમત રૂ. ૫૦૦૦૦૦ મળી કુલ રૂ. ૬૧૨૮૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ફરાર કાર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

શામળાજી પોલીસે મંગળવારે જાબચિતારીયા ગામની સીમમાંથી પસાર થતી સ્વીફ્ટ-કારને અટકાવી તલાશી લેતા કારમાંથી (ગાડી.નં- એચ.આર.ઝેડયુ(ટીયુ)૦૭૦૪)ને અટકાવી તલાશી લેતા કારમાંથી ગેરકાયદેસર વગર પાસપરમીટનો વિદેશી દારૂની બોટલો નં-૧૬૮ કિંમત રૂપિયા ૮૪૦૦૦ તથા મોબાઈલ નંગ-૧ કી. રૂ. ૧૫૦૦ અને કારની કિંમત રૂપિયા ૫૦૦૦૦૦ મળી કુલ ૫૮૫૫૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી કારચાલાક સતીશ રાજપાલ જાટ (રહે. સીસંદ, કેથલ, હરિયાણા) અને સુખવિન્દર રોશસનલાલ જંગમ (રહે. સીસંદ, કેથલ, હરિયાણા)ને ઝડપી પાડી વિદેશી દારૂ મંગાવનાર પીર- વડોદરાનો રણજિત નામના બુટલેગર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બંને આરોપીઓને ઝડપી પાડી દારૂ મંગાવનાર બુટલેગરને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી હતી.



## ઘડી પ્રાથમિક શાળાના શિક્ષિકા નિવૃત થતા સત્કાર સમારંભ યોજ્યો

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના ઘડી ગામની પ્રાથમિક શાળામાં ઉપશિક્ષિકા તરીકે ફરજ બજાવતાં કોકિલાબેન શંકરભાઈ નાયી વય મર્યાદાના કારણે નિવૃત થતાં શાળા પરિવારો દ્વારા ભવ્ય સત્કાર સમારંભ યોજ્યો હતો. આ પ્રસંગે ઘડી જૂથ શાળાનાં શિક્ષકો શાળાનાં આચાર્ય જીતુભાઈ પટેલ સહિત વિદ્યાર્થી ભાઈ-બહેનોએ નિવૃત થતાં શ્રીમતી નાયીની શાળાકિય પ્રવૃતિઓ શિક્ષણ સફાઈ, આરોગ્ય જ્ઞાનની સેવાઓને બિરદાવી હતી અને નાયી દ્વારા બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું. શાળા પરિવારો દ્વારા ભેટ સોગાદ, પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતા.



## ખેડબ્રહ્મા નગરપાલિકા કર્મચારીએની હડતાલ

ખેડબ્રહ્મા નગરપાલિકાના પોતાની માંગણીઓ જેવી કે સાતમું પગારપંચ, ૪૬થી વધુ રોજમદારોને કાયમી કરવા, મહેકમ ખર્ચની મર્યાદા નાબુદ કરવા, કોન્ટ્રાકટ પ્રથા બંધ કરવા જેવા હક્કોની માંગણી સંદર્ભે ગુજરાત સરકાર સામે તા.૧૧-૧૦-૨૦૧૭થી તા.૧૩-૧૦-૨૦૧૭ સુધી હડતાળ ઉપર ઉતર્યા હતા. ઉપરોક્ત સમયગાળા દરમિયાન નગરજનોને પુરી પાડવામાં આવતી આવશ્યક સેવાઓ બંધ રહેશે.

# પાલનપુર બજારમાં ટુ વ્હીલરમાં લાગી આગ : એન્જિન બળીને ખાક

પાલનપુરમાં ભર બજારે સ્કુટી સળગી ઉઠવાનો બનાવ બનતા દોડધામ મચી ગઈ હતી.જાહેર રોડ પર પાર્ક કરેલી સ્કુટી સળગી ઉઠી હતી. વાયરિંગના ફોલ્ટને કારણે આગ લાગી હોવાનું મનાઈ રહ્યુ છે.

પાલનપુર શહેરના કિર્તીસ્થંભ વિસ્તારમાં સુઝુકી કમ્પનીના એક ટુ વ્હીલરમાં અચાનક આગ લાગતા આ ટુ વ્હીલર ભડભડ સળગી ઉઠ્યું હતું. આગને કારણે સ્કુટીનું એન્જીન બળીને ખાખ થઈ ગયું હતું. બાદમાં સ્કૂટીમાં લાગેલી આગને સ્થાનીક વેપારીઓએ ઓલવી દીધી હતી.જોકે, સ્કુટી ચાલકનો આબાદ બચાવ થયો હતો. સ્કૂટીમાં અચાનક આગ લાગવાને પગલે લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી.

# અરવલ્લી જિલ્લામાં છ ગરીબ કલ્યાણ મેળા યોજાયા

મોડાસા, તા. ૧૨

ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે સરકાર ગરીબોને બેઠો કરવો એજ સાચો સંકલ્પ છે. અને એને દૂર કરવા યોજના અમલમાં મુકી છે. આ યોજના અંતર્ગત ત્રણ હજાર કરોડના ગેસના બાટલાનું વિતરણ મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવ્યુ હતુ. ઘર વિહોણા લોકોને ગૃહ યોજના દ્વારા ગરીબો માટેની ખેડૂતો માટેની પિડીતો માટેની સરકાર છે તેમ તેમણે જણાવ્યું હતું.

ચાલુ વર્ષ તા. ૧-૪-૨૦૧૭થી આ મેળાના પૂર્વ દિવસ સુધી કુલ



સરકાર તૈયાર છે જો તમે સાથ આપો તો જો ગરીબી સામે લડવા ખભેખભા મિલાવી ગરીબીમાંથી મુક્ત થવા આજે આપણે સૌ સંકલ્પ કરીએ. આજે યોજોયલ આ ગરીબ કલ્યાણ મેળામાં વિવિધ ખાતાઓ દ્વારા ભિલોડા, મોડાસા, મેઘરજ, બાયડ, ધનસુરા અને માલપુર કુલ છ તાલુકાઓ દ્વારા પ્રાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ગામડાની બહેનો ચૂલા ફુંકીને દમ, ટીબી, ક્ષય, જેવા રોગોથી પિડાય છે. વડાપ્રધાન દ્વારા ઉજ્જવલા ઘર ઘરનું બનાવવાની યોજના પણ સરકારે અમલમાં મુકી છે. અરવલ્લી જિલ્લાના ૨૦૦ લોકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. છેલ્લા પંદર વર્ષમાં આ સરકારે બેરોજગારોને રોજગારી આપીને ગુજરાતમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યુ છે. બહેનોને વિવિધ યોજનાનો લાભ આપીને પગભર બને તે માટે પણ સરકારે પ્રયત્ન કર્યો છે. ગુજરાતમાં અરવલ્લી જિલ્લો સેવાસેતુ કાર્યક્રમ પ્રથમ નંબર આવેલ છે. તેમજ ઉજ્જવલા યોજનામાં પ્રથમ નંબરે આવનાર છે. આમ આ સરકાર ૫૯૬૪૧ લાભાર્થીઓને રૂ. ૧૮૭૬.૧૮ લાખની સહાય ચૂકવવામાં આવેલ છે અને આજે ગરીબ કલ્યાણ મેળામાં વિવિધ ખાતા દ્વારા કુલ છ તાલુકાઓના કુલ ૩૭૨૬ લાભાર્થીઓને રૂ. ૩૩૭.૮૬ લાખ જેટલી રકમ સહાય ચૂકવવામાં આવી છે. આમ અરવલ્લી જિલ્લા દ્વારા તા. ૧૨-૧૦-૨૦૧૭ સુધી કુલ ૬૩૩૬૭ લાભાર્થીઓને કુલ રૂ. ૨૨૧૪.૦૩ લાખની સહાય ચૂકવવામાં આવી છે. આમ કુલ છ તાલુકાના બે પ્રાંત કક્ષાનો આજનો પાંચમો ગરીબ કલ્યાણ મેળો યોજાયો છે.




## ખેડબ્રહ્મામાં ભારત વિકાસ પરિષદ શાખાનું ઉદ્‌ઘાટન

ખેડબ્રહ્મામાં સોમવારે કાશી વિશ્વનાથ મંદિર ખાતે ભારત વિકાસ પરિષદની ૬૪મી શાખાનું ઉદ્‌ઘાટન ગૌરાંગશરણ દેવચર્યાના વરદહસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં ભારત વિકાસ પરિષદના અશોકભાઈ, નિકેશભાઈ, પ્રકાશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં શાખાના પ્રમુખ તરીકે જીજ્ઞેશભાઈ વી. રાવલ અને મંત્રી તરીકે મનીષભાઈ કોઠારીની નિયુક્તિ કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં શહેરીજનો હાજર રહ્યા હતા.

# વડવાસા ખાતે તાલુકા કાનૂની સેવા સમિતિ અને સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

## ગ્રામજનો સહિત આજુબાજુના ગામના લોકો ઉપસ્થિત રહી સેવાઓનો લાભ લીધો : પ્રજાકિય પ્રશ્નોના સ્થળ ઉપર જ નિકાલ થયા

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના વડવાસા ખાતે સેવાસેતુ કાર્યક્રમ તથા તાલુકા કાનૂની સેવા સમિતિ પ્રાંતિજ દ્વારા સરપંચ વી.એ. પટેલ, સેક્રેટરી પી.આર. મોદી, એસ.ડી. પંડયા, જે.પી. પરમાર સહિત અધિકારીઓ વકીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગ્રામજનો સહિત આજુબાજુના ગામોના લોકોએ સરકારી સેવાઓ તથા કાનૂની ફી સેવાઓથી માહિતગાર સાથે લાભ લીધો હતો.

જિલ્લા કાનૂની સેવાસત્તા મંડળ હિંમતનગરના માર્ગદર્શન હેઠળ તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા વડવાસા ખાતે યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમમાં ગુજરાત સરકાર દ્વારા પ્રજાકીય પ્રશ્નોને સ્થળ પર જ નિકાલ કરવા માટે પ્રજાના વ્યક્તિગત અને સામૂહિક પ્રશ્નોનો સત્વરે નિકાલ કરવામાં આવ્યો હતો. તો જિલ્લા કાનૂની સેવાસત્તા મંડળ હિંમતનગરના લીગલ સેક્રેટરી સીવીલ જજ એચ.વી. જોટાણીયા, પ્રાંતિજ- તલોદ પાંન્ત અધિકારી એ.આર.ચૌધરી, પ્રાંતિજ મામલતદાર બી.જી. મકવાણા, જેમાં ગ્રામજનો તથા આજુબાજુના લોકોએ સેવાનો લાભ લીધો હતો.

# સીતવાડા ખાતે કોંગ્રેસનું જીલ્લા પંચાયત બોઠક કાર્યકરોનું સંમેલન યોજાયું

## ૫૦થી પણ વધારે છુટા થયેલ કર્મચારીઓ કોંગ્રેસમાં જોડાયા : કાર્યકરોની નિમણુંક કરવામાં આવી હતી

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના સીતવાડા ખાતે ૩૩ જિલ્લા પંચાયતના કાર્યકરોનું જ્યારે ચાલું સરકાર દ્વારા ગ્રામ પંચાયતોમાં ઓછા વેતને ફરજ બજાવતા કર્મચારીઓને છુટા કરવામા આવતાં ૫૦થી પણ વધારે પુજાઓ કરી જસ લેવા માટે દોડી આવે છે. તો કોંગ્રેસ દ્વારા નવા હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાંતિજ-




સંમેલન યોજાયું હતું. જેમાં ૫૦થી પણ વધારે પંચાયતમાંથી છુટા થયેલ કર્મચારીઓ કોંગ્રેસમાં જોડાયા.

પ્રાંતિજના સીતવાડા ખાતે ૩૩ જિલ્લા પંચાયત સીટના કાર્યકરોનું સંમેલન યોજાયું હતું જેમાં આવનાર વિધાનસભા ચુંટણીને લઈને ચર્ચાઓ થઈ હતી. છુટા થયેલ કર્મચારીઓ કોંગ્રેસમાં જોડાયાં હતાં અને પંજાનો ખેસ પહેર્યો હતો. તો પ્રાંતિજ-તલોદમાં સરકાર દ્વારા કોઈજ કામો ના થયાં હોવાનું જણાવ્યું હતું. તો આપણાં ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ કામ કર્યા છે તે કામો ઉપર કોંગ્રેસના તોરણ નીચે હાલ તો ભાજપવાળા તલો ના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, અભયસિંહ ઝાલા, મંગુભા ઝાલા, નરેન્દ્રભાઈ પટેલ, અમરીશભાઈ પટેલ, બેચરસિંહ, મિલ્કતસિંહ, સુરેશભાઈ, રેખાબેન સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો ગામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

# તલોદ શાળા નં. ૨ના શિક્ષકનો વિદાય સમારંભ

તલોદ, તા. ૧૨

તલોદ સ્ટેશન પ્રાથમિક શાળા નં. ૨ માં ગુરૂવારના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થતાં શિક્ષકનો વિદાય સમારંભ યોજાયો હતો. ઉપશિક્ષક તરીકે લાંબા સમય સુધી નિષ્ઠા અને ખંતપૂર્વક બજાવેલ ફરજની આ પ્રસંગે નોંધ લઈ હાજર મહાનુભાવો તથા અગ્રણીઓએ નિવૃત્તી જીવન સુખમય પસાર થાય તેવી શુભેચ્છા પાઠવી હતી.

તલોદ પ્રાથમિક શાળા નં. ૨ના ઉપશિક્ષક દશરથગિરી કિશોરગિરી ગોસ્વામી પોતાની વયમર્યાદા થકી નિવૃત્ત થતા તેમનો વિદાય સમારંભ શાળા પટંગણમાં રાખવામાં આવ્યો હતો. આ સમારંભના અધ્યક્ષ તરીકે તલોદ તાલુકા વિકાસ અધિકારી કિરીટભાઈ ચૌધરી હતા. વિદાય લેતા શિક્ષકનું કંકુતિલક કરી ફૂલહાર



પહેરાવી સન્માન કર્યું હતું તેમજ સ્મૃતિચિહ્ન આપી નિવૃત્તીવયની શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે તેમની શિક્ષક તરીકેની કારકિર્દીની પ્રસંશા કરવામાં આવી હતી અને તેમને શિક્ષકો માટે કરેલ કામગીરીની પણ નોંધ લેવામાં આવી હતી. વિદાય સમારંભમાં પૂર્વ તાલુકા પ્રમુખ એસ.કે. ઝાલા, તાલુકા કેળવણી નિરીક્ષક કે.એન. મકવાણા, ભાજપ અગ્રણી કૌશલ ગજ્જર, શિક્ષક સંઘના જિલ્લા મહામંત્રી ભોગીલાલ પટેલ, શિક્ષક સંઘના તાલુકા પ્રમુખ બિપીનભાઈ પટેલ, શાળાના આચાર્ય બિપીનગીરી ગોસ્વામી, સીઆરસી નેહલભાઈ, શાળાના આચાર્ય બિપીનગીરી ગોસ્વામી, સીઆરસી નેહલભાઈ, શાળાના શિક્ષકગણ, વાલી તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો કરી પોતાના શિક્ષકને ભાવભરી વિદાય આપી હતી. વિદાય લેતા શિક્ષકને સૌ કોઈએ નિવૃત્તીજીવન તંદુરસ્ત અને સુખમય બને તેવી શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષક નિલેશભાઈ શાસ્ત્રીએ કર્યુ હતુ.